# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-04-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

નમસ્કાર,આકાશવાણી,

OPENING SIGNATURE TUNE

સમાચાર અનિલ પટેલ વાંચે છે.

---

મુખ્ય સમાચાર

(મ્યુસિક અંડરપ્લે )

1) અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે. ડી. વેન્સ આજથી ભારતની ચાર દિવસની સત્તાવાર મુલાકાતે.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે 17મા નાગરિક સેવા દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં સનદી અધિકારીઓને સંબોધિત કરશે.

3) જમ્મુ અને કાશ્મીરમાં ભૂસ્ખલનથી અસરગ્રસ્ત રામબન જિલ્લામાં રાહત અને બચાવ કામગીરી આજે ફરી શરૂ થશે.

4) કેન્દ્રીય માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર-ડીબીટી પહેલથી ત્રણ લાખ 48 હજાર કરોડ રૂપિયાની બચત થઈ.

5) IPLમાં મુંબઈ ઈન્ડિયન્સે ચેન્નાઈ સુપર કિંગ્સને 9 વિકેટે હરાવ્યુઃ આજે કોલકાતા નાઈટ રાઇડર્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે મુકાબલો.

સમાચારને અંતે

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

(આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# USA VP IN INDIA

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે. ડી. વેન્સ ભારતની ચાર દિવસની સત્તાવાર મુલાકાતે આજે સવારે નવી દિલ્હી પહોંચશે. તેમની સાથે તેમનાં પત્ની ઉષા વેન્સ, તેમનાં બાળકો અને અમેરિકી વહીવટીતંત્રના વરિષ્ઠ સભ્યો પણ હશે.

શ્રી વેન્સ આજે સાંજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે બેઠક કરશે. આ બેઠક દરમિયાન બંને પક્ષો બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવવા મુદ્દે ચર્ચા કરે તેવી અપેક્ષા છે. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ અને તેમનું પ્રતિનિધિમંડળ દિલ્હીમાં અન્ય કાર્યક્રમોમાં ભાગ લેશે. વોશિંગ્ટન જવા રવાના થતા પૂર્વે તેઓ જયપુર અને આગ્રાની મુલાકાત પણ લેશે.

આ અંગે વધુ માહિતી આપે છે અમારા સંવાદદાતા

<u>(BYTE: ANANDKUMAR US PRESIDENT)</u>

# PM-SAUDI-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતી કાલે સાઉદી અરેબિયાના મુખ્ય વેપાર કેન્દ્ર જેદ્દાહ પહોંચશે. ચાર દાયકામાં કોઈ ભારતીય પ્રધાનમંત્રીનો આ પહેલો જેદ્દાહ પ્રવાસ હશે. આ પ્રવાસ ભારત અને સાઉદી અરેબિયાના સંબંધોમાં આવેલા નોંધપાત્ર પરિવર્તનને દર્શાવે છે. અગાઉનાં ભારતીય પ્રધાનમંત્રીઓનો સાઉદી અરેબિયાનો પ્રવાસ રિયાધ સુધી જ મર્યાદિત હતો. વર્ષ 1982માં જેદ્દાહનો પ્રવાસ કરનારાં છેલ્લાં ભારતીય પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધી હતાં.

બે દિવસની આ ઉચ્ચ સ્તરીય મુલાકાત ભારત-સાઉદી સંબંધોના આર્થિક, સંરક્ષણ અને સાંસ્કૃતિક પરિમાણોમાં વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીમાં આવેલા નોંધપાત્ર પરિવર્તનને રેખાંકિત કરે છે. ભારત અને સાઉદી અરેબિયા મજબૂત અને બહુપક્ષીય આર્થિક ભાગીદારી ધરાવે છે.

# CIVIL SERVICE DAY - PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે 17મા નાગરિક સેવા દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં સનદી અધિકારીઓને સંબોધિત કરશે. તેઓ જાહેર વહીવટમાં ઉત્કૃષ્ટતા માટે પ્રધાનમંત્રી પુરસ્કાર પણ એનાયત કરશે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ

(VOICE CAST: AMAN YADAV CIVIL SERVICE DAY )

# JITENDRA – CIVIL SERVANT

કેન્દ્રીય કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે યુવા જાહેર સેવકોને પ્રામાણિકતા, જવાબદારી અને સેવાના ઉચ્ચતમ ધોરણો જાળવવા અનુરોધ કર્યો છે. ગઇકાલે ભારતીય વહીવટી સેવાના તાલીમાર્થી અધિકારીઓની 2023ની બેચ સાથે વાતચીત કરતા, ડૉ. સિંહે ભારતના વહીવટી પરિવર્તન અને વિકસિત ભારતના દ્રષ્ટિકોણ પર પ્રકાશ પાડ્યો.

તેમણે ભારતીય વહીવટી સેવાના ઇતિહાસમાં અત્યાર સુધીના સૌથી મોટા મહિલા પ્રતિનિધિત્વની પ્રશંસા કરી, જેમાં 180 અધિકારીઓની વર્તમાન બેચમાં 74 મહિલા અધિકારીઓ છે.

# J&K - RESCUE OPERATIONS

જમ્મુ અને કાશ્મીરમાં આભ ફાટવાથી અને ભૂસ્ખલનથી અસરગ્રસ્ત રામબન જિલ્લામાં રાહત અને બચાવ કામગીરી આજે ફરી શરૂ થશે. સત્તાવાળાઓ જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગને ફરીથી ખોલવા માટે કામ કરી રહ્યા છે. કાશ્મીર ખીણને દેશના બાકીના ભાગો સાથે જોડતો આ મહત્વપૂર્ણ માર્ગ છે.

ભારે વરસાદ, ગાજવીજ, કરા અને અચાનક આવેલા પૂરને કારણે સમગ્ર પ્રદેશમાં વ્યાપક નુકસાન થયું છે. ગઈકાલે રામબન જિલ્લામાં વાદળ ફાટવાથી ભૂસ્ખલન થતાં ત્રણ લોકોના મોત થયા હતા અને અનેક વાહનો દટાઈ ગયા હતા.

આ ઘટનાથી સફરજન સહિતનાં બાગાયતી પાકને ભારે નુકસાન થયું છે. પોલિસ, NDRF, લશ્કરના જવાનો ઉપરાંત સ્થાનિક એનજીઓનાં સ્વયંસેવકો રાહત અને બચાવ કાર્યમાં સક્રિય રીતે જોડાયા છે.

દરમિયાન, જમ્મુ અને કાશ્મીર સરકારે ભારે વરસાદને ધ્યાનમાં રાખીને આજે ખીણની તમામ શાળાઓ બંધ રાખવાનો નિર્દેશ આપ્યો છે.

# SIACHIN JAWAN KILLED

વિશ્વની સૌથી ઊંચી યુદ્ધભૂમિ સિયાચીન ગ્લેશિયરમાં રવિવારે ફરજ બજાવતી વખતે એક સૈનિક શહીદ થયા છે. સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે, નાયબ સુબેદાર બલદેવ સિંહે સિયાચીન ગ્લેશિયરમાં ફરજ દરમિયાન સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું.

સેનાના લેહ સ્થિત ફાયર એન્ડ ફ્યુરી કોર્પ્સના જનરલ ઓફિસર કમાન્ડિંગે શહીદ સૈનિકને ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી.

# INDIAN AIRFORCE – UAE EXERCISE

ભારતીય વાયુસેનાની ટુકડી ડેઝર્ટ ફ્લેગ-10, કવાયતમાં ભાગ લેવા માટે સંયુક્ત આરબ અમીરાતના અલ ધફરા એર બેઝ પર પહોંચી ગઈ છે. આ કવાયત UAE દ્વારા યોજાઈ રહી છે, જેમાં ભારત ઉપરાંત ઓસ્ટ્રેલિયા, બહેરીન, ફ્રાન્સ, જર્મની, કતાર, સાઉદી અરેબિયા, કોરિયા, તુર્કી, બ્રિટન અને અમેરિકાની વાયુસેના ભાગ લઈ રહયા છે.

આ કવાયતનો મુખ્ય ઉદ્દેશ્ય વિશ્વના સૌથી સક્ષમ વાયુસેનાઓ સાથે ઓપરેશનલ જ્ઞાન અને શ્રેષ્ઠ તકનીકોનું આદાનપ્રદાન કરવાનો છે. આજથી શરૂ થતી આ કવાયત આવતા મહિનાની 8મી તારીખ સુધી ચાલુ રહેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . . .

# ASHWINI VAISHNAW-DBT

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર- ડીબીટી પહેલથી ગેરરિતી ઘટવાથી ત્રણ લાખ 48 હજાર કરોડ રૂપિયાની બચત થઈ છે. 'ભારતની ડીબીટી પ્રણાલીનું જથ્થાત્મક મૂલ્યાંકન' શીર્ષક ધરાવતું નીતિ પત્રક ટાંકીને શ્રી વૈષ્ણવે એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું. લોકોનાં કલ્યાણ માટેનાં આ મોડેલ હેઠળ લાભાર્થીઓનું કવરેજ 16 ગણું વધ્યું છે.

નીતિ પત્રક અનુસાર, 2013માં અમલમાં મુકાયેલી દેશની ડીબીટી પ્રણાલીએ પારદર્શકતા વધારીને, લિકેજને અંકુશમાં લઈને અને ચોક્કસ ભંડોળની વહેંચણી સુનિશ્ચિત કરીને કલ્યાણ વિતરણને ફરીથી વ્યાખ્યાયિત કર્યું છે. આ નીતિ દસ્તાવેજ અંદાજપત્રીય કાર્યક્ષમતા, સબસિડીને તર્કસંગત બનાવવા અને સામાજિક પરિણામો પર ડીબીટીની અસરનું મૂલ્યાંકન કરવા માટે 2009 થી 2024 સુધીના એક દાયકાના આંકડાનું મૂલ્યાંકન કરે છે.

# IPL

IPL ટી-20 ક્રિકેટમાં મુંબઈ ઈન્ડિયન્સે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ચેન્નાઈ સુપર કિંગ્સને નવ વિકેટે હરાવ્યું હતું. ચેન્નાઈ સુપર કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સ સામે 177 રનનો લક્ષ્યાંક રાખ્યો હતો. અગાઉ બેટિંગ કરવા ઉતરેલી ચેન્નાઈએ 20 ઓવરમાં પાંચ વિકેટે 176 રન બનાવ્યા હતા. લક્ષ્યનો પીછો કરતા, મુંબઇ ઇન્ડિયન્સે ચાર ઓવર અને બે બોલ બાકી હતા, ત્યારે માત્ર એક વિકેટ ગુમાવીને

177 રન બનાવીને મેચ જીતી લીધી. 45 બોલમાં 76 રન બનાવનાર રોહિત શર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

એક અન્ય મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ પંજાબ કિંગ્સને સાત વિકેટે હરાવ્યું હતું.

આજે કોલકાતા નાઈટ રાઇડર્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે સાંજે 7:30 વાગ્યે કોલકાતાના ઈડન ગાર્ડન ખાતે મુકાબલો થશે.

# ISSF SHOOTING

શૂટિંગમાં, પેરુના લિમા ખાતે ISSF વર્લ્ડ કપમાં ભારતની 10 મીટર એર રાઇફલ મિશ્ર ટીમની જોડી રુદ્રાંક્ષ પાટિલ અને આર્ય બોર્સેએ રજત ચંદ્રક મેળવ્યો હતો. સુવર્ણ ચંદ્રક માટેની મેચમાં ભારતીય જોડી સામે નોર્વેના જોન-હર્મન હેગ અને જેનેટ હેગ ડ્યુસ્ટેડનો વિજય થયો હતો

લિમા વર્લ્ડ કપમાં ભારતનો આ ત્રીજો રજતચંદ્રક છે. ભારત બે સુવર્ણ અને એક કાંસ્યચંદ્રક જીતી ચૂક્યું છે. આ સાથે ભારત કુલ ચંદ્રકોની યાદીમાં ચીન અને અમેરિકા પછી ત્રીજા ક્રમે છે.

# WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદમાં છૂટાછવાયા સ્થળોએ આજે ભારે પવન અને ગાજવીટ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યો છે. છત્તીસગઢ, ઓડિશા, ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને દરિયાકાંઠાના આંધ્રના કેટલાક ભાગોમાં પણ આગામી બે દિવસ દરમિયાન ભારે પવન અને વીજળી પડવાની શક્યતા છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

હવે જોઇએ આજના અખબારોના મુખ્ય સમાચાર

1)આજે ગુજરાત સમાચારની હેડલાઇન છે ટ્રમ્પ વિરૂધ્ધ ઉકળતો ચરુ દસ લાખ લોકો રસ્તા ઉપર ઉતર્યા

2)યુએસના ઉપપ્રમુખ વેન્સ આજથી ભારતના ચાર દિવસના પ્રવાસે આ હેડલાઇન નવ ગુજરાત સમયે બનાવી છે

3)સંદેશની હેડલાઇન છે કાશ્મીરના રામબનમાં પૂર, ભૂસ્ખલન ત્રણના મોત

4)ફૂલછાબે પણ જમ્મુ કાશ્મીરમાં વાદળું ફાટતાં તબાહીના સમાચારને મુખ્ય સમાચારમાં છાપ્યાં છે.

5)તમામ અખબારો પર પહેલા પેજ ઉપર પ્રકાશિત થયેલા અન્ય સમાચારમાં સુપ્રીમ વિશે ભાજપના સાંસદ નિશિકાંત દૂબેને નિવેદનો અંગે ભાજપે હાથ અધ્ધર કર્યા , ઇઝરાયેલનો ગાઝાના શરણાર્થી કેમ્પ ઉપર હુમલો જેવા સમાચાર જોવા મળી રહ્યા છે.

6)આ ઉપરાંત રાજ્ય અને સ્થાનિક સમાચારમાં અમદાવાદના જમાલપુરમાંથી વકફ બોર્ડના કથિત પાંચ ટ્રસ્ટીઓની મુસ્લિમ સમાજના વિવિધ ટ્રસ્ટની મિલકોતને ભાડે આપીને કૌભાંડ આચરનારા પાંચની ધરપકડના સમાચાર પ્રસિધ્ધ થયાં છે..

7) જ્યારે સ્પોર્ટસ પેજ ઉપર આઇપીએલની ગઇકાલના બે મેચમાં રોયલ ચેલેન્જર બેંગલોર અને મુંબઇ ઇડિન્યન્સના વિજયના સમાચાર પ્રકાશિત થયા છે..